નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની ૦૭ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૯૦ ઘટક કક્ષાની કુલ-૧૯૪ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧
સચિવાલય ગાંધીનગર
તા.૦૪/૦૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૧૯/૧૯૮/બ-૧, તા.૦૯/૦૮/૨૦૧૯.

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૯/૦૭/૨૦૨૦.

આમુખ

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી NNM હેઠળની ૦૭ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૯૦ ઘટક કક્ષાની કુલ-૧૯૪ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી NNM હેઠળની ઉક્ત જગ્યાઓને વધુ ૧૧-માસ માટે લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. ૧૧-માસની મુદત તા.૦૯/૦૬/૨૦૨૧ના રોજ પૂર્ણ થતી હોવાથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

NNM હેઠળ ૦૭ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૯૦ ઘટક કક્ષાની નીચે મુજબની કુલ ૧૯૪ જગ્યાઓની સેવા વધુ ૧૧ માસ એટલે કે ૦૯/૦૫/૨૦૨૨ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
| --- | --- | --- | --- |
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર | ૭ | 30000 |
| ૨ | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૭ | ૧૮૦૦૦ |
| ૩ | બ્લોક કો-ઓર્ડીનેટર | ૯૦ | ૨૦૦૦૦ |
| ૪ | બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૯૦ | ૧૫૦૦૦ |
| | કુલ | | |

૨/- ઉક્ત જગ્યાઓની આઉટસોર્સની મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧-માસની મુદત લંબાવવાની વિભાગ મારફત નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૫/૨૦૨૧ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
6. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
7. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
8. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.